




# ૨૮ નવેમ્બરે શનિ મીન રાશિમાં માર્ગી થશે : કઈ રાશિઓએ સાવધાની રાખવી



કાળચક્ર

યજ્ઞાનંદ

૨૮ નવેમ્બરથી શનિ દેવ સીધી ચાલ ચાલવાની શરૂ કરી દેશે. ત્યાર બાદ શનિ ૨૬ જુલાઈ ૨૦૬ સુધી માર્ગી જ રહેશે. જ્યોતિષની દૃષ્ટિએ માર્ગી શનિ કેટલીક રાશિઓને લાભ આપશે; તો કેટલીક રાશિઓનાં જાતકોએ ખાસ કરીને જે રાશિઓ પર શનિની સાડા સાતી અને પનોતીનો પ્રભાવ છે તેઓએ સાવધાની રાખવી પડશે.

આ સમયગાળા દરમિયાન કર્મ, ધૈર્ય અને સંયમની પરીક્ષા થશે. બીજું કે આ પરિવર્તન કેટલીક રાશિનાં જાતકો પર ભાવ, ગ્રહોની સ્થિતિ તેમ જ કરેલાં કર્મો અનુસાર ફળ મળે છે.

સાડા સાતીવાળી રાશિઓ પર પ્રભાવ

મેષ રાશિઃ મેષ રાશિ પર શનિની સાડાસાતી ચાલી રહી છે. શનિ માર્ગી થાય કે તરત તમારે થોડા સતર્ક રહેવું પડશે. ઉતાવળમાં લીધેલો નિર્ણય નુકસાન આપશે. એકાગ્રતા ભંગ થવાથી તમોને સારાં પરિણામ મળવાનું હવે મુશ્કેલ થઈ શકે છે. ઘર - પરિવારમાં મતભેદ થવાથી મન બેચેન રહી શકાય છે.

કુંભ રાશિઃ કુંભ રાશિ પર પણ સાડાસાતી ચાલી રહી છે. માર્ગી શનિ તમોને આર્થિક અને સ્વાસ્થ્યના ક્ષેત્રે નુકસાન કરી શકે છે. ખર્ચમાં વધારો થવાથી બેન્ક - બેલેન્સમાં ગરબડ થઈ શકે છે. રોગ - બીમારીઓ પર નાણાં ખર્ચાઈ શકે છે તેમ જ ઉધાર લેણ - દેણ ચાલતી હોય તો તેમાં પણ મોટી મુસીબત વળાંક લઈ શકે છે.

મીન રાશિ : મીન રાશિવાળાઓ માટે પણ આ સમય અઘરો બની શકે છે. તમોને શારીરિક અને માનસિક આરોગ્ય - બંનેની ચિંતા કરવાની આવશ્યકતા છે. તમારું સીક્રેટ લોકો સામે આવવાનો ડર રહેશે, સમાજમાં છાપ ખરાબ થઈ શકે છે. આરોગ્યમાં પણ ઉતાર - ચઢાવનો સામનો કરવો પડશે.

પનોતીવાળી રાશિઓ પર પ્રભાવ

સિંહ રાશિઃ અત્યારે સિંહ રાશિ પર શનિની

**શનિ મીન રાશિમાં ૨૮ નવેમ્બરે સવારે ૯:૨૦ વાગ્યે માર્ગી થશે**

પનોતી ચાલે છે. તમારે ઘર-પરિવાર અને દામ્પત્ય જીવનમાં બહુ જ તાલમેળ રાખીને ચાલવાની સલાહ આપવામાં આવે છે. સંબંધોમાં ખટાશ આવી શકે છે. પાર્ટનરની સાથે જરા પણ અણબનાવ કોઈ મોટું કારણ થઈ શકે છે. રાઈનો પહાડ. તેથી ધૈર્યથી કામ લેવું અને વાણીમાં મધુરતાનું ધ્યાન રાખવું.

ધન રાશિઃ ધન રાશિનાં જાતકોને કેરિયર અને આર્થિક ક્ષેત્રે લાભ પ્રાપ્ત કરવાનો ઘણો જ પ્રયાસ કરવો પડશે. નાણાંની બચત કરવી ઘણી મુશ્કેલ થશે. આ દરમિયાન વારંવાર મોંઘી ચીજો ખરીદવાનું મન થશે. પરંતુ તમારે બજેટ બનાવીને ચાલવાનું રહેશે અને રોકાણના ક્ષેત્રે વધારે ભાર આપવો પડશે.

***

સનાતન ધર્મમાં ન્યાયના દેવતા શનિદેવ 2025માં બે વાર પોતાની ચાલ બદલશે. તે 27 જુલાઈ થી 10 ડિસેમ્બર સુધી વક્રી રહેશે અને પછી 11 ડિસેમ્બરે માર્ગી થશે.

આ માટે શનિદેવ અને હનુમાનજીની ભક્તિભાવથી પૂજા કરવી. હનુમાન ચાલીસા, બજરંગ બાણ, શનિ ચાલીસા, શનિના મંત્રો, સુંદરકાંડ પાઠ, શનિ દેવ અને હનુમાનજીનાં મંદિરે દર્શન વગેરે શ્રદ્ધાથી કરવાથી પનોતીની અસર ઓછી થાય છે.

# દત્તાત્રેય જયંતી

## બ્રહ્મસ્વરૂપ દત્તાત્રેય રચિત વિશેષ તંત્રોકત સાધનાઓ



યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

માગશર મહિનાની પૂનમે ‘દત્તાત્રેય જયંતી’ ઉજવાશે. તા.4 ડિસેમ્બર 2025ને ગુરુવારના દિવસે જ આ જયંતી છે. ગુરુવાર દત્ત ભગવાનનો જ વાર છે તેથી તે દિવસે વધારે શ્રદ્ધાથી ઉજવણી થશે.

દત્તાત્રેયે ભગવાન પરશુરામને શ્રીવિદ્યાનો મંત્ર આપ્યો હતો અને ભગવાન કાર્તિકેયને પણ તેમણે કેટલાયે પ્રકારની વિદ્યા શીખવી હતી. ભકત પ્રહ્લાદને ‘અનાસક્તિ યોગ’નો ઉપદેશ આપીને શ્રેષ્ઠ રાજા બનવાનો મંત્ર ભગવાન દત્તાત્રેયે જ આપ્યો હતો.

દત્તાત્રેયમાં ‘ઈશ્વર’ અને ‘ગુરુ’-બંને એકબીજાને મળી જાય છે એટલા માટે તેમને ‘ગુરુદેવ દત્ત’ પણ કહેવાય છે. જો તમારા જીવનમાં કોઇ પ્રકારની સમસ્યા હોય તો તેના નિવારણ માટે કેટલાય પ્રકારના પ્રયોગ દત્તાત્રેય જયંતીના દિવસે વિશેષ રૂપે ફળદાયી હોય છે.

સૌથી પહેલાં શુદ્ધ વસ્ત્ર ધારણ કરીને પૂજાસ્થાનમાં શિવજીનો ફોટો સ્થાપવો. ત્યાર બાદ પોતાની સામે એક પાત્રમાં આ ‘શિવ સિદ્ધિ દત્તાત્રેય મહાયંત્ર’ને સ્થાપિત કરી દો. આ મહાયંત્રને જલ સ્નાન, દૂધ સ્નાન તથા પંચામૃત સ્નાન સંપન્ન કરીને સ્વચ્છ કપડાથી લૂછીને બીજા પાત્રમાં સ્થાપિત કરી તેના પર ચંદન, કેસર, બિલીપત્ર, ભાંગ, ધંતૂરા વગેરે અર્પણ કરવું. પછી પોતાના હાથમાં જલ લઇને નીચે પ્રમાણેનો સંકલ્પ બોલવો.

**સંકલ્પઃ** ૐ અસ્ય શ્રી દત્તાત્રેય તંત્ર મંત્રસ્ય (પોતાનું નામ, ગોત્ર) અભીષ્ટ કાર્ય સિદ્ધયર્થે શશિશેખર દેવઃ અનુષ્ટુપ છન્દઃ હ્રીં બીજ સ્વાહા શક્તિ પ્રાપ્તિ મંત્ર સિદ્ધિ અહં કરિષ્યે.

ત્યાર બાદ એક માળા શિવમંત્ર ‘હ્રીં ૐ નમઃ શિવાય હ્રીં’નો જપ કરીને મૂળ સાધનાનો પ્રારંભ કરવો. દરેક સાધના માટે અલગ-અલગ શિવ સિદ્ધિ દત્તાત્રેય મહાયંત્ર સ્થાપિત કરવું આવશ્યક નથી.

**દત્તાત્રેય ત્રિલોહ પવિત્રી**

ત્રિલોહ પવિત્રીનું નિર્માણ એક વિશેષ પ્રક્રિયા દ્વારા વિશેષ મુહૂર્તમાં જ કરવામાં આવે છે. આ અષ્ટધાતુનો બનેલો એક છલ્લો (ગોળ વીંટી) હોય છે. જેમાં દરેક ધાતુનો અંશ નિશ્ચિત માત્રામાં હોય છે. તેનું નિર્માણ ફકત સુદ પક્ષમાં આવતા રવિવારવાળા પુષ્ય નક્ષત્ર અથવા ગુરુવારવાળા પુષ્ય નક્ષત્રમાં જ કરવામાં આવે છે અને આ વિશેષ મુહૂર્તમાં તેને દત્તાત્રેય મંત્રોથી અભિમંત્રિત કરવામાં આવે છે. તેનું વર્ણન દત્તાત્રેય તંત્રમાં લખ્યું છેઃ

‘જે સાધક દત્તાત્રેય તંત્ર સિદ્ધ ત્રિલોહ પવિત્રી પોતાના હાથમાં ધારણ કરી લે તો તે સાધક બધાં કાર્યોમાં સિદ્ધિ પ્રાપ્ત કરી મહાબળ તથા મહાતેજ પ્રાપ્ત કરવામાં સમર્થ રહે છે.

ત્રિલોહ પવિત્રીનું નિર્માણ અને તેને અભિમંત્રિત કરવી તે એક જટિલ પ્રક્રિયા છે. સૌ પ્રથમ તેને રુદ્ર તંત્ર પ્રયોગથી, પછી મંગળવારે દત્તાત્રેય તંત્ર કલ્પમંત્રોથી, બુધવારે રાધા તંત્ર પ્રયોગથી, ગુરુવારે ધારા તંત્ર પ્રયોગથી, શુક્રવારે સુર સુંદરી તંત્રથી તથા શનિવારે કાલી ચંડીશ્વરી તંત્ર પ્રયોગથી સિદ્ધ કરવામાં આવે છે. દરેક કાર્ય પૂર્ણ વિધિ-વિધાન સહિત હોવાનું આવશ્યક છે ત્યારે આ ત્રિલોહ પવિત્રી સંપૂર્ણ ફલદાયક રહે છે. તેથી તેને તંત્ર વિશેષજ્ઞો દ્વારા કેટલીક વિશેષ ત્રિલોહ પવિત્રી મુદ્રિકાઓ તૈયાર કરવામાં આવી છે. તેમાં દરેક પ્રયોગ એટલે કે આકર્ષણ, ઉચ્ચાટન, વશીકરણ, સ્તંભન, મોહન, નિધિ-દર્શન, વિવાદ-વિજય, ભૂતાદિ નડતર નિવારણ માટે અલગ-અલગ ત્રિલોહ પવિત્રી છે. એક કાર્ય માટે પ્રયુકત ત્રિલોહ પવિત્રીનો પ્રયોગ બીજા કાર્ય માટે કરવું જોઈએ નહીં.

પૂજાવિધાન અંતર્ગત જે પૂજા વિધિ લખી છે તે પૂજન પૂર્ણ કરીને સાધક પોતાના હાથમાં વિશેષ ત્રિલોહ પવિત્રી ધારણ કરી મંત્ર જપનું કાર્ય સંપન્ન કરવું. દરેક કાર્ય માટે અલગ-અલગ મંત્ર, મંત્રની સંખ્યા ચોક્કસ છે. નીચે તેનું વિવરણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ બધા પ્રયોગો શુદ્ધ ચિત્તથી કરવા જોઈએ. સાધકનો ઉદ્દેશ કોઇને નુકસાન પહોંચાડવાનો નથી, નહીંતર આ મંત્રોનો કોઇ પ્રભાવ નહીં પડે.

ઉદાહરણ માટે ઉચ્ચાટન પ્રયોગનો અર્થ છેઃ કોઇ વ્યક્તિને કોઇ વસ્તુ કે અન્ય વ્યક્તિ પ્રત્યે ઉચ્ચાટન કરવું, પરંતુ જ્યારે કોઇ વ્યક્તિ કોઇ ખોટા રસ્તા પર ચાલી નીકળ્યો હોય ત્યારે તેનો પ્રયોગ કરવો જોઈએ. માની લો કે, કોઇ વ્યક્તિ કોઇ અન્ય ખોટા વ્યક્તિના ચક્કરમાં ફસાઈ ગયો હોય તો તેના લાભ માટે પ્રયોગ સંપન્ન કરવામાં આવે છે.

**આકર્ષણ પ્રયોગ**

આ પ્રયોગ કોઇ વિશેષ વ્યક્તિને પોતાના તરફ આકર્ષિત કરવા માટે કરવામાં આવે છે. તમારો ઉદ્દેશ સામાજિક તેમજ નૈતિક દૃષ્ટિએ અનુકૂળ હોવો જોઈએ. નહીંતર કોઈ પ્રભાવ પડશે નહીં. આ પ્રયોગ દ્વારા અધિકારીઓને તેમ જ અન્ય વ્યક્તિઓને પોતાના અનુકૂળ બનાવી શકાય છે. આ મંત્રમાં ‘અમુક’ની જગ્યાએ તે વ્યક્તિનું નામ લેવું.

સોમવારે, સાત માળા કરવી, સામગ્રીઃ આકર્ષણ ત્રિલોહ પવિત્રી મંત્રઃ ૐ નમો આદિપુરુષાય અમુકસ્યાકર્ષણાં કુરુ કુરુ સ્વાહા ||

**મોહિની પ્રયોગ**

આ પ્રયોગ કોઇને સંમોહિત કરવા માટે કરવામાં આવે છે પરંતુ સાધકનો ઉદ્દેશ બરાબર હોવો જોઈએ. એટલે કે લગ્ન માટે, મિત્રતા માટે અથવા સહયોગ માટે આ પ્રયોગ કરવામાં આવે છે. શુક્રવારે, મોહિની ત્રિલોહ જપ સંખ્યા : 11 મંત્રઃ

ૐ નમો મહાયક્ષિણ્યૈ મમ અમુકં મે વશ્યં કુરુ-કુરુ સ્વાહા ||

**ગ્રહ પીડા નાશ પ્રયોગ**

આ પ્રયોગ દ્વારા કોઇ અથવા બધા અનિષ્ટકારક ગ્રહોને પોતાને અનુકૂળ બનાવી શકાય છે.

રવિવાર, નવગ્રહ ત્રિલોહ પવિત્રી, સાત માળા.

મંત્રઃ ૐ નમો ભાસ્કરાય અમુકસ્ય સર્વગ્રહાણાં પીડાનાશનં કુરુ-કુરુ સ્વાહા ||

**સ્તમ્ભન પ્રયોગ**

શત્રુઓને બળ વગરના કરવા માટે આ પ્રયોગ ચમત્કારી છે. સાધકનો ઉદ્દેશ કોઈને નુકસાન પહોંચાડવાનો નહીં, પરંતુ ષડયંત્રો સામે પોતાનું રક્ષણ કરવાનો હોય છે. મંગળવાર, સ્તમ્ભન ત્રિલોહ પવિત્રી, સાત માળા.

મંત્રઃ ૐ નમો ભગવતે મહાબલ પરાક્રમાયૈ મમ
શત્રુણાં બુદ્ધિ બલં બન્ધય બન્ધય દૃષ્ટિ
સ્તમ્ભય સ્તમ્ભય પાતય પાતય
મહીતલે હું ફટ્ સ્વાહા ||

**શિવ સિદ્ધિ દત્તાત્રેય મહાયંત્ર તેમજ દત્તાત્રેય ત્રિલોહ પવિત્રી હાથમાં ધારણ કરવાથી બધાં જ પ્રકારનાં કાર્યોમાં સિદ્ધિ દત્તાત્રેયમાં ‘ઈશ્વર’ અને ગુરુ’ બંને રૂપ એકબીજાને મળી જાય છે તેથી તેમને ‘ગુરુદેવ દત્ત’ પણ કહે છે**

**ઉચ્ચાટન પ્રયોગ**

જો ઘરનો કોઈ વ્યક્તિ કોઇ અન્ય ખોટા વ્યક્તિની ચુંગાલમાં ફસાઈ ગયો હોય અને સમજાવવા છતાં પણ સાચા રસ્તે પાછો ફરતો ન હોય તો તેનું મન તેના તરફથી હટાવવા માટે આ પ્રયોગ કરવામાં આવે છે.

મંગળવાર, ઉચ્ચાટન ત્રિલોહ પવિત્રી, સાત માળા.

મંત્રઃ ૐ નમો ભગવતે રુદ્રાય કરાલાય
અમુકં પુત્ર બાન્ધવૈસ્સહ શીઘ્રમુચ્ચાટય
ઉચ્ચાટય સ્વાહા ઠઃ ઠઃ ઠઃ ||

**વિવાદ વિજય પ્રયોગ**

કોર્ટ કેસમાં અથવા કોઇ વિવાદમાં વિજય માટે આ પ્રયોગ ઉત્તમ છે. આ પ્રયોગમાં પ્રથમ ‘અમુક’ના સ્થાને પોતાનું નામ લેવાનું અને બીજા ‘અમુક’ના સ્થાન પર શત્રુનું નામ લેવું.

શનિવાર, જયા ત્રિલોહ પવિત્રી, 11 માળા.

મંત્રઃ ૐ નમો વિશ્વરૂપાય અમુકસ્ય અમુકેન સહ વિજયં કુરુ-કુરુ સ્વાહા ||

**ભૂત-પ્રેત નડતર નિવારણ પ્રયોગ**

ભૂત-પ્રેત નડતર નિવારણ માટે આ પ્રયોગ અચૂક છે.

રવિવાર, નૃસિંહ ત્રિલોહ પવિત્રી, ચાર માળા.

મંત્ર : ૐ નમો નૃસિંહાન હિરણ્ય કશ્યપ-વક્ષસ્થલ-વિદારણાય ત્રિભુવનવ્યાપકાય ભૂત,પ્રેત, પિશાચ, ડાકિની કુલોન્મૂલ નાશાય
સ્તમ્ભોદ્ભવાય સમસ્ત દોષાન્ હર-હર
વિસર-વિસર પચ-પચ હન-હન કમ્પય કમ્પય
મથ-મથ હ્રીં હ્રીં ફટ્ ફટ્ એ હ્યેહિ રુદ્ર આજ્ઞાપયતિ સ્વાહા ||

# કુંડળીમાં એકાદ ગ્રહ એવો પડ્યો હોય છે... જેના કારણે વ્યક્તિના જીવનમાં પીછેહઠ થતી હોય છે

સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

કુંડળીના ‘ગ્રહોના કારણે’ લગ્નમાં વિલંબ થતો હોય છે. એક બહેનની પુત્રી છે. તેમની પુત્રીને 30 વર્ષ થયાં, હજુ લગ્ન થતાં નથી. યોગ્ય પાત્ર મળતું નથી. તેમની પુત્રીની કુંડળીમાં તુલા લગ્ન છે. જેમાં ચંદ્ર ને કેતુ છે. બીજે વૃશ્ચિક રાશિમાં શનિ છે. ચોથે મકરનો નીચનો ચંદ્ર છે. સાતમે મેષ રાશિમાં રાહુ છે... જેના કારણે લગ્નમાં વિલંબ થાય છે. સપ્તમેશ પતિસ્થાનનો માલિક મંગળ અગિયારમા સ્થાનમાં સિંહ રાશિમાં છે. બારમે કન્યાના શુક્ર-સૂર્ય છે. યોગ સારા ચાલે છે. તેમની પુત્રીને રાહુનો નંગ ગળામાં ને ચંદ્ર હાથમાં ધારણ કરવાની સલાહ આપવામાં આવી છે. જેથી લગ્નજીવનમાં વાંધો આવે નહીં.

***

એક બરોડા સ્થિત બહેન છે. તેમની પુત્રીની કુંડળીમાં વૃષભ લગ્ન છે. આ બહેનની પુત્રીનાં લગ્ન થઈ ગયાં છે. સાત વર્ષ થયાં સંતાન નથી. તેમની પુત્રીની કુંડળીમાં આઠમે સૂર્ય-શનિ-બુધ પડેલ છે. શનિ-સૂર્યની યુતિના કારણે પિતાનું સુખ નથી. પિતા હયાત નથી તથા પંચમ સંતાન સ્થાનનો માલિક બુધ આઠમે છે. આથી બુધ ધારણ કરવા કહ્યું છે. તેમ જ શનિ યોગકારક થઈને આઠમે છે. આથી શનિ પણ ધારણ કરવા કહ્યું છે. બીજું કે, ચંદ્ર પણ નબળો છે. આથી ચંદ્ર પણ ગળામાં પેન્ડલ સ્વરૂપે ધારણ કરવાની જરૂર છે. તેમની પુત્રી સી.એ.નો અભ્યાસ કરે છે, જેમાં પણ વિઘ્નો આવે છે.

**મારી પુત્રીને સાત વર્ષ થયાં પણ સંતાન નથી હું જે પણ ધંધામાં હાથ નાખું છું તેમાં નિષ્ફળતા જ મળે છે એવું કેમ?**

એક ખૂબ જ સુખી કુટુંબના ભાઈ છે. આ ભાઈને બે પુત્રો છે. તેમના એક છોકરાની સગાઈ કરવાની હતી. આથી બતાવવા આવ્યા હતા. તેમના પુત્રની કુંડળીમાં વૃષભ લગ્ન છે. બીજે મિથુન રાશિમાં ગુરુ છે. ત્રીજે કર્કનો કેતુ છે. પત્નીસ્થાનનો માલિક મંગળ છઠ્ઠે તુલા રાશિમાં શનિ છે. સાતમે વૃશ્ચિક રાશિમાં સૂર્ય-બુધ છે. આઠમે ધન રાશિમાં શનિ છે. નવમે મકર રાશિમાં રાહુ-ચંદ્ર-શુક્ર છે. આ ભાઈને કીધું કે, છોકરાને સૂર્ય પહેરાવો અને ચંદ્ર પહેરાવો. સાતમે બુધ હોવાથી પત્નીનો ગુલામ થઈને રહેશે. બંને ભાઈઓ વચ્ચે સારું બને છે. પરંતુ ચંદ્ર ત્રીજા સ્થાનનો માલિક થઈ નવમે હોવાથી બંને ભાઈઓને ભવિષ્યમાં બનશે નહીં એ વાત નક્કી છે.

***

એક ગણપતિનો સર્વજન વશીકરણ મંત્ર ખૂબ જ અદ્ભુત છે. આ મંત્રની રોજ ત્રણ કે પાંચ માળા કરવી. મંગળવારના દિવસે શરૂ કરવો. ગણપતિ ભગવાનની સામે દીવો-અગરબત્તી કરી ગણપતિને ગુલાબનાં ફૂલ ચઢાવવાં અને મંત્રની માળા કરવી. માળા કોઈ પણ ચાલે. રુદ્રાક્ષની માળા હોય તો સારું. ‘‘ૐ શ્રીં હ્રીં કલીં ગં ગણપતયે નમઃ સર્વજનં મે વશમાનાય કુરુ કુરુ ફટ્ સ્વાહા.’’ આ મંત્ર રોજ કરવાથી જ્યાં પણ જવામાં આવે તો સર્વજન વશ થાય છે અને ધાર્યું કામ પાર



પડે છે. આ મંત્ર ઘણો જ ચમત્કારિક છે. રાજકારણ ક્ષેત્રમાં કે વેપાર ક્ષેત્રમાં ખૂબ જ કામ લાગે છે.

કુંડળીમાં અમુક એકાદ ગ્રહ એવો પડ્યો હોય છે જેના કારણે વ્યક્તિના જીવનમાં પીછેહઠ થતી હોય છે. જશ-સફળતા મળતી જ નથી. આ માટે જો ‘તુલા રાશિમાં’ - જે સૂર્ય નીચ રાશિમાં હોય તો સૂર્ય સાથે રાહુ કે સૂર્ય સાથે શનિ હોય તો આવી વ્યક્તિઓને જીવનમાં સફળતા મળતી જ નથી. ગમે તેટલું કામ કરવા છતાં અપજશ મળે છે. જીવનમાં સત્તા મળે તો તે સત્તા લાંબો સમય સુધી ટકતી જ નથી.

એક ભાઈની કુંડળીમાં કન્યા લગ્ન હતું . જેમાં બીજા ધનસ્થાનમાં તુલા રાશિનો સૂર્ય છે. આ ભાઈએ જીવનમાં આર્થિક મુશ્કેલીઓ ઘણી જોઈ છે. જે હતું તે બધું જ ગુમાવવું પડ્યું છે. યશ - જશ મળતો નથી. જે પણ ધંધામાં હાથ નાખે છે ત્યાં નિષ્ફળતા જ મળે છે. આ ભાઈને સૂર્યનું માણેક ધારણ કરવાની સલાહ આપવામાં આવી હતી.

***

કુંડળીમાં મકર - કુંભ - મીન - આ ત્રણ રાશિ વ્યક્તિના પગના ભાગમાં વધુ ઈજા કરે છે. જન્મ કુંડળીમાં પડેલા ગ્રહો - જો આ ત્રણ રાશિમાં પાપ ગ્રહો વધુ હોય કે પાપ ગ્રહોની દૃષ્ટિ હોય અથવા આ રાશિના માલિક શનિ-ગુરુ પાપ ગ્રહોયુક્ત હોય - તો આવા વ્યક્તિઓને પગના ભાગે વારંવાર ઈજા થાય છે. ઘણી વાર જો આ રાશિમાં મંગળ- સૂર્યની યુતિ હોય; કે મંગળ- શનિ- રાહુની યુતિ-હોય તો પગના ભાગે ફેક્ચર થાય છે તેમ જ કાયમ માટે ખોડ પણ લાવે છે. જો કે શનિની પનોતીમાં ખાસ જોવામાં આવ્યું છે કે, એક વાર તો શરીરનું હાડકું ભાંગે જ છે જ.... સૂર્ય - શનિની યુતિ પગના ભાગને ઘણી વાર લકવાની અસર પણ કરે છે. આ માટે નડતા ગ્રહનું નંગ ધારણ કરવાથી બચાવ થાય છે.

***

કુંડળીમાં અમુક ગ્રહો એવા પડ્યા હોય છે કે, વ્યક્તિને જો આર્થિક મુશ્કેલી આવવાની હોય તો તે તરફ ખેંચી જાય છે. અમો પહેલાં ઘણાં લોકોની કુંડળી જોઈને કીધું હતું કે, શેરબજારમાં પડવું નહીં.... છતાંય પડ્યા, અત્યારે તેઓ દેવાદાર થઈ ગયા છે. કુંડળીમાં પાંચમું સ્થાન શેર, સટ્ટો, લોટરીનું કહેવાય છે. આ સ્થાનમાં પાપ ગ્રહો હોય; કે આ સ્થાનનો માલિક છઠ્ઠે, આઠમે કે બારમે હોય; કે પાપ ગ્રહોની યુતિમાં હોય તથા કુંડળીમાં ધન સ્થાન નબળું હોય તો - આવી વ્યક્તિઓ શેરબજાર અને સટ્ટામાં પાયમાલ થઈ જાય છે. એક મોટા વેપારીને અમો શેરબજારમાં પડવાની ના પાડી હતી. છતાંય બીજાના કહેવાથી શેરબજારમાં ગયા અને બરબાદ થઈ ગયા. કુંડળીના ગ્રહો મજબૂત હોય તો જ શેરબજારમાં સફળતા મળે છે.

# કારતક અમાસે શ્રી હરિ વિષ્ણુજી અને શ્રી લક્ષ્મીજીની પૂજા કરવી ખૂબ ફળદાયી છે



જડીબુટ્ટી

નજુમી

તા. 20 નવેમ્બરે 2025, ગુરુવારે કારતક વદ અમાસ છે. આ દિવસે સ્નાન-દાન સાથે પિતૃઓનું તર્પણ, શ્રાદ્ધ વગેરે કરવું ફાયદાકારક હોય છે.

અમાસ પિતૃઓનું તર્પણ, અશુભ દોષ નિવારણ વગેરેમાં ખૂબ જ શ્રેષ્ઠ માનવામાં આવે છે.

કારતક અમાસના દિવસે શક્ય હોય તો વ્રત રાખો અને ક્ષમતા પ્રમાણે જરૂરિયાતવાળાંઓને અનાજ, વસ્ત્ર વગેરેનું દાન કરો. સંધ્યા કાળે પીપળાની નીચે સરસિયા તેલનો દીવો પ્રગટાવવો.

માન્યતા છે કે, આ દિવસે ભગવાન શ્રી હરિ વિષ્ણુની વિધિવત્ પૂજા અને વ્રત કરવાથી બધી જ મનોકામનાઓ પૂર્ણ થાય છે. આ દિવસે ભગવાન સત્યનારાયણની કથા સાંભળવાથી દરેક પ્રકારનાં દુઃખ, દર્દમાંથી મુક્તિ મળે છે. અમાસના દિવસે પવિત્ર નદીમાં સ્નાન અને દાન કરવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. ઘરમાં નહાવાના પાણીમાં પવિત્ર નદીઓનું જળ મિક્સ કરીને પણ સ્નાન કરી શકાય છે.

આ દિવસે કાલસર્પ દોષ, પિતૃ દોષ વગેરે નિવારણ માટે પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ દિવસે પિતૃઓની પૂજા કરવાથી સુખ, શાંતિ, ધન અને સમૃધ્ધિ વધે છે.

**આ દિવસે કાલસર્પ દોષ, પિતૃ દોષ વગેરે નિરાકરણ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.**